# 61

**રાજકોટ અને સુરત જિલ્લામાં કૂપોષિત બાળકો**

***15/4/529 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ)**: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|

**(૧)** તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ રાજકોટ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

**(૧)** તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ રાજકોટ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| રાજકોટ | ૧૫૫૭૩ |
| સુરત | ૨૬૬૮૨ |

**(૨)** તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

**(૨)** તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૨૪૧૭ | ૩૧૫૬ | ૧૫૫૭૩ |
| સુરત | ૨૧૫૧૬ | ૫૧૬૬ | ૨૬૬૮૨ |

**(૩)** ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો,અને

**(૩)** ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે.

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| રાજકોટ | –––– | ૨૩૨૨ |
| સુરત | –––– | ૩૨૨૨ |

**(૪)** ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા સરકારે શાં પગલાં લીધાં?

**(૪)** ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.

- રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.
- દુધ સંજીવની યોજના અંતર્ગત સુરત જિલ્લાના બારડોલી, કામરેજ, મહુવા, માંડવી, માંગરોલ, પલસાણા અને ઉમરપાડા તાલુકાઓના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઈઝડ ફોર્ટીફાઈટ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે.